ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**વિપુલ ચૌહાણ**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૦૬૭૧૩૧૩૭૨



**સલીમ યુ મોદન**
પ્રમુખ
ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશન



**પાર્વતીબેન મધુકર પરમાર**
નગરસેવક
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



**જયેન્દ્ર ઠાકોરલાલ સોની**
મો. ૯૪૨૮૮ ૦૫૬૨૬



**લીલાબેન ગોવિંદભાઈ સોલંકી**
ફોન : (૦૭૯) ૬૫૭૨૭૯૬૦



**ક્રિનલબા જી વાઘેલા**



**વૈદેહી બ્રિજેશસિંહ પરમાર**
મો. ૯૬૦૧૨ ૮૯૬૬૩



**વૈદિકા બ્રિજેશસિંહ પરમાર**
મો. ૯૬૦૧૨ ૮૯૬૬૩

# બાળપ્રતિભા શોધ સ્પર્ધામાં એમ બી પટેલ સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર બાળ પ્રતિભા શોધ અને બાળનાટિકા સ્પર્ધા તાજેતરમાં વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૅક્ટર-૨૫ ખાતે યોજવામાં આવી હતી. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ સ્કૂલની ૭૦ વિદ્યાર્થીનીઓએ જુદી-જુદી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

નિબંધ લેખનમાં દૃષ્ટિ પરમાર, કેનાલી પરમાર, ચિત્રકલામાં ધ્રુવી પરમાર, વક્તૃત્ત્વ સ્પર્ધામાં કૃપાલીઠક્કર, આરતી ઠાકોર, એકપાત્રીય અભિનયમાં શ્રુતિ પટેલ, લગ્નગીત સ્પર્ધામાં આન્સી પ્રજાપતિ, સર્જનાત્મક કામગીરીમાં ધ્રુવી પટેલ, લોકગીતમાં રોશની ચાવડા, ભજનમાં અંજલી પરમાર, દોહામાં કાત્યાયની ત્રિવેદીએ પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું અને પોતાની પસંદગી પ્રદેશ કક્ષાની સ્પર્ધા માટે નિશ્ચિત કરી હતી.

વિદ્યાર્થીનીઓને આ સ્પર્ધા માટે તૈયાર કરવા શિક્ષક ગીતાબેન, મનાલીબેન, સોજલબેન, હસમુખભાઈ, જયશ્રીબેન, દક્ષાબેન, મીનાક્ષીબેને જહેમત ઊઠાવી હતી. આચાર્ય નીરૂબેન જે પટેલે તમામ વિજેતા વિદ્યાર્થીનીઓ અને તેમનાં માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન સહ આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

## આર જી પટેલ સ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા આશ્રમ શાળાની મુલાકાત લેવાઈ

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર જી પટેલ સ્કૂલના માધ્યમિક વિભાગમાંથી ધોરણ-૧૦ની ૫૫ વિદ્યાર્થીનીઓએ ગ્રામભારતી સ્થિત આદિજાતિ માટેની આશ્રમશાળાની મુલાકાત લીધી હતી. અહીં બાળકો જાતે જ બધાં કામ કરે છે તે બાબત વિદ્યાર્થીનીઓ સમક્ષ ઉજાગર કરવામાં આવી હતી. શાળાની આસપાસની ચીકુની વાડીઓ અને અનેક વૃક્ષોનો પરિચય પણ વિદ્યાર્થીનીઓને આ પ્રસંગે આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ અમરનાથ ધામની મુલાકાત લીધી હતી, જ્યાં બાર જ્યોતિર્લિંગનાં દર્શન કરી વિવિધ રાઈડ્સ અને ઘરેથી લાવેલા નાસ્તાનો સમૂહમાં આનંદ વિદ્યાર્થીનીઓએ માણ્યો હતો.

# શ્રી જે બી પ્રાઈમરી સ્કૂલ દ્વારા મધર ડેરીની મુલાકાત લેવાઈ

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૬ના ૩૨૬ વિદ્યાર્થીઓએ મધર ડેરીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ દહીં, માખણ, છાશ, ઘી, પનીર, આઈસક્રીમ જેવી દૂધની વિવિધ બનાવટો વિશે રસપ્રદ માહિતી પ્રાપ્ત કરી હતી.

સાથે-સાથે વિદ્યાર્થીઓ વિવિધ પ્રૉડક્ટની સાચવણી માટેનાં કોલ્ડ સ્ટોરેજ તથા પેકિંગ માટેની મશીનરી નિહાળી અચરજ પામ્યા હતા. તે માટે કયા વૈજ્ઞાનિક અભિગમનો ઉપયોગ થાય છે તેની માહિતી પણ તેમણે મેળવી હતી.

સમગ્ર મુલાકાત દરમિયાન મધર ડેરીના સંચાલકો દ્વારા ખૂબ જ સારો સહકાર સાંપડ્યો હતો અને વિદ્યાર્થીઓને તેમણે ખૂબ જ ઉપયોગી ને રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે મધર ડેરીના સંચાલકો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# મંજુલાબેનને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ



જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે સ્થિત સુનિધિ સદ્ભાવ કન્યા વિનય મંદિરનાં આચાર્ય મંજુલાબેન કીસાભાઈ ડોડીયાને અધ્યાપન ક્ષેત્રે કરેલી પ્રશંસનીય કામગીરીને ધ્યાને લઈ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું રાજ્ય પારિતોષિક-૨૦૧૭ તાજેતરમાં ગાંધીનગર મુકામે આયોજિત એક સમારોહ અંતર્ગત એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ ઓ પી કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આચાર્ય મંજુલાબેનની શાળા સુનિધિ સદ્ભાવ કન્યા વિનય મંદિર જૂનાગઢ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે વર્ષ ૨૦૧૬-૧૭માં પસંદગી પામી છે. સ્કૂલ દ્વારા સરકારના બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન, મહિલા સશક્તિકરણ, વાંચે ગુજરાત, કન્યા કેળવણી સહિતના અનેક કાર્યક્રમોમાં મંજુલાબેન અને સહકર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી ઉત્તમ કામગીરીની નોંધ લઈ સરકાર દ્વારા આ બંને પારિતોષિકો માટે આચાર્ય અને સ્કૂલની પસંદગી કરવામાં આવી હતી.

## કેન્દ્રીય વિશ્વવિદ્યાલય ખાતે હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ આજે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ તા. ૨૧ સપ્ટેમ્બર ને ગુરુવારના રોજ યોજવામાં આવ્યો છે. આ સમારોહ અંતર્ગત પુરસ્કાર વિતરણનું આયોજન પણ કરવામાં આવ્યું છે. અતિથિ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા અને અધ્યક્ષ તરીકે કુલપતિ પ્રૉ. એસ એ બારી ઉપસ્થિત રહેશે.

# કોમર્સ પુનઃમુલ્યાંકનમાં ૭૦થી વધુ વિદ્યાર્થીઓને ૨૦ માર્કસનો ફાયદો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં પુનઃમુલ્યાંકન કરાવનારા અંદાજે ૭૦ જેટલા વિદ્યાર્થીઓના પરિણામમાં ૨૦ માર્કસ જેટલો વધારો થયો છે. આશ્ચર્યની વાત એ કે જેના કારણે પીએચડી એડમિશનમાં વિવાદ થયો છે તે એબીવીપીના વિદ્યાર્થીનેતાના પણ ૨૦ માર્કસ વધ્યા હોવાની વિગતો બહાર આવી છે. આ મુદ્દે આજે એનએસયુઆઈ દ્વારા કુલપતિને આવેદનપત્ર આપીને જો ખરેખર એબીવીપીના વિવાદાસ્પદ વિદ્યાર્થીનેતાના માર્કસ વધ્યા હોય તો સમગ્ર પ્રક્રિયાની નવેસરથી તપાસ કરવાની માંગણી કરવામાં આવી હતી.

યુનિવર્સિટીની પરીક્ષા રીફોર્મ કમિટીમાં એવો નિર્ણય કરાયો હતો કે પુનઃમુલ્યાંકનમાં જે વિદ્યાર્થીઓના માર્કસમાં ૧૫ ટકાનો વધારો થાય તો નવેસરથી બીજા પ્રોફેસર પાસે રી-ચેકિંગ કરાવવાના બદલે માત્ર ડીન અને બોર્ડના ચેરમેનનો અભિપ્રાય લઈને નિર્ણય કરવામાં આવશે. આ નિર્ણય પ્રમાણે અંદાજે ૭૦ જેટલા વિદ્યાર્થીઓના સીધા ૨૦ માર્કસ વધી રહ્યા છે. જેમાં એબીવીપીના વિદ્યાર્થીનેતા કે જેના કારણે હાલ કોમર્સ પીએચડીમાં વિવાદ ચાલી રહ્યો છે તેનો પણ સમાવેશ થાય છે. જો આ ૨૦ માર્કસને માન્ય રાખવામાં આવે તો પીએચડીનો વિવાદ જ પુરો થઈ જાય તેમ છે. આ મુદ્દે કુલપતિને પુછતાં તેઓએ કહ્યું કે મને ખબર નથી. બોર્ડના ચેરમેન અને ડીન જે નિર્ણય કરશે તે માન્ય ગણવામાં આવશે. બીજીબાજુ આજે એનએસયુઆઈ દ્વારા આ મુદ્દે કુલપતિને આવેદનપત્ર આપીને એબીવીપીના વિદ્યાર્થીનેતા અને પીએચડીના વિવાદ માટે કારણભૂત વિદ્યાર્થીના માર્કસ વધ્યા હોય તો કઈ રીતે વધ્યા છે તેની સંપૂર્ણ તપાસ કરવાની માંગણી કરવામાં આવી હતી. આ ઉપરાંત જો કોઈ પ્રોફેસરે એબીવીપીની તરફેણ કરીને જાણી જોઈને માર્કસ વધાર્યા હોવાનું પ્રસ્થાપિત થાય તો આ મુદ્દે ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી હતી. નોંધનીય છે કે હજુસુધી પીએચડીના મુદ્દે યુજીસીનો કોઈ અભિપ્રાય આવ્યો નથી. આ સ્થિતિમાં પુનઃમુલ્યાંકનમાં વિવાદાસ્પદ વિદ્યાર્થીના ૨૦ માર્કસ વધે તો યુજીસીના અભિપ્રાયની કોઈ જરૂર જ ન રહે અને આપોઆપ વિદ્યાર્થી પ્રવેશ માટે લાયક બની જાય તેમ છે.

## ગુજરાત યુનિ.ને NSS કો-ઓર્ડિનેટરનો રાષ્ટ્રીય પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત યુનિવર્સિટીને ઈન્દિરા ગાંધી નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ) કો-ઓર્ડિનેટર કેટેગરીમાં પહેલી વખત નેશનલ એવોર્ડ મળ્યો છે. આ વખતે પ્રથમ વખત એનએસએસનો સર્વોચ્ચ પુરસ્કાર ગુજરાત યુનિવર્સિટીને પ્રાપ્ત થયો છે. આગામી તા.૨૫મી સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાંશુ પંડયા અને યુનિવર્સિટીના એનએસએસ કો-ઓર્ડિનેટર ડો.નટુભાઈ વર્માના રાષ્ટ્રપતિ ભવનમાં આ એવોર્ડ એનાયત કરાશે. નોંધનીય છે કે, આ એવોર્ડ હવે ૨૪મી સપ્ટેમ્બર એટલે કે એનએસએસના સ્થાપના દિવસે અપાય છે. આ ૨૪મીએ રવિવાર હોવાથી તા.૨૫મીએ અપાશે.

### ૧૬ હજારની સામે ૮૨૭૫ છાત્રોને કોલેજની ફાળવણી

# પૅરામૅડિકલની હાલની તમામ બેઠકો ફૂલ

ગાંધીનગર, તા. ૨૦

પેરામેડિકલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે ગઈકાલે પ્રવેશ સમિતિ દ્વારા કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. કુલ ૧૬૬૦૩ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હતી. મેરિટના આધારે ૮૨૭૫ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. જેમને પ્રવેશ મળ્યો છે તેઓએ તા.૨૫મી સુધીમાં એલોટમેન્ટ લેટર લઈને ફી ભરીને હેલ્પસેન્ટરમાંથી એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.

પેરામેડિકલના પહેલા રાઉન્ડમાં જેટલી બેઠકો ઉપલબ્ધ હતી,તે તમામ ફુલ થઈ ચૂકી છે. ૮૨૭૫ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. હાલમાં આયુર્વેદમાં ૧૨૯૬, હોમિયોપથીમાં ૧૩૧૯, ફિઝિયોથેરાપીમાં ૨૦૬૬, બીએસસી નર્સિંગમાં ૨૩૨૦, ઓપ્ટોમેટ્રીમાં ૧૮૫, નેચરોપથીમાં ૬૦, ઓર્થોટીક્સમાં ૧૦ અને ઓડિયોલોજીમાં ૧૯ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો છે. હજુ ફિઝિયોથેરાપીની ૮, હોમિયોપેથીની ૩ કોલેજોની મંજૂરી બાકી છે. આ ઉપરાંત પહેલા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા બાદ આયુર્વેદની બે નવી સ્વનિર્ભર કોલેજોને મંજૂરી મળી હોવાથી આ કોલેજોની બેઠકો પણ વધી છે. આ સિવાય બીએસસી નર્સિંગની ૧૭ કોલેજોની મંજૂરી આવી ચુકી છે. આ તમામ બેઠકોને બીજા રાઉન્ડમાં સામેલ કરવામાં આવશે. પેરામેડિકલના પહેલા રાઉન્ડ માટે કુલ ૧૬૬૦૩ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હતી જેમાંથી અડધા એટલે કે ૮૨૭૫ વિદ્યાર્થીઓને મેરિટના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. હવે બાકી રહેલા વિદ્યાર્થીઓએ નવી મંજૂર થયેલી કોલેજો માટે નવેસરથી ચોઈસ આપવાની રહેશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હજુ પ્રવેશના બે રાઉન્ડ બાકી છે. આ દરમિયાન બાકી રહેલી તમામ કોલેજોની મંજૂરી આવી જતાં તેને પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરી દેવામાં આવશે. નોંધનીય છે કે પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સરકારી કવોટાની બેઠકો માટે જ કાર્યવાહી કરવામાં આવી છે. આ બેઠકોમાં મેનેજમેન્ટ કવોટાની બેઠકોનો સમાવેશ કરાયો નથી.

# આજથી નવરાત્રિ : આઠમે કુમારિકા પૂજન

ગાંધીનગર, તા. ૨૦

તા.૨૧મી સપ્ટેમ્બરથી અખંડ શારદીય નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. આ નવરાત્રિની બીજી વિશેષતા એ છે કે નવરાત્રિની પૂર્ણાહુતિ માતાજીના શુભ વાર, રવિવારે થઈ રહી છે. ખાસ કરીને આ નવરાત્રિમાં અષ્ટમીના દિવસે કુમારિકા પૂજનનું ખાસ મહત્ત્વ છે. જાણીતા કથાકાર, રમેશભાઈ ઓઝાની નિશ્રામાં પણ સાંદીપનિ વિદ્યાનિકેતન ખાતે ૭૫થી વધુ એનઆરઆઈ (બિનનિવાસી ભારતીયો) ખાસ નવરાત્રિ અનુષ્ઠાનમાં ભાગ લેશે. આ નવ દિવસ દરમિયાન વિવિધ નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે.

શિવાનંદ આશ્રમના અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજીએ જણાવ્યું કે દર વર્ષની જેમ આ વર્ષે પણ શારદીય નવરાત્રિ દરમિયાન વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિપદાથી નવમી સુધી સવારે ૯.૩૦થી ૧૧.૩૦ શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાયનું સામૂહિક પારાયણનું આયોજન કરાયું છે. જ્યારે સાંજે ૪.૦૦થી સાંજે ૭.૦૦ સુધી દુર્ગાસપ્તશતી, ચંડીપાઠનું સામૂહિક પારાયણ કરવામાં આવશે. સાથે જ અષ્ટમી, નવમી, દશમીના દિવસે પ્રાતઃકાળ સવારે ૮.૦૦થી ૯.૩૦ દરમિયાન હવનનું આયોજન કરવામાં આવે છે. અષ્ટમીના દિવસે સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ સુધીમાં કુમારિકા પૂજનનું આયોજન થયું છે. જે અંતર્ગત ૧૦૮ કન્યાઓનું પૂજન વિધિ સહિત કરવામાં આવે છે. જેમાં આપણે ૩ વર્ષથી ઉપર અને ૧૦ વર્ષની નીચેની કન્યાઓ જોડાય છે. સાથે આઠ બટુકને પણ ભોજન કરાવવામાં આવે છે. સાથે જ સૌભાગ્યવતી પૂજન પણ કરવામાં આવે છે. બધાને પ્રેમથી ભોજન પ્રસાદ પણ પીરસવામાં આવે છે. તેમણે જણાવ્યું કે કુમારિકા પૂજનનું ભારતીય પરંપરામાં સવિશેષ મહત્ત્વ છે. દેવી અથર્વશીર્ષમાં દેવતાઓએ જગદમ્બાને એક પ્રશ્ન પૂછ્યો કે હે દેવી આપ કોણ છો? ત્યારે દેવીએ કહ્યું કે આ જગતમાં દશ્યમાન છે, તે હું જ છું. આ સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-બ્રહ્મા-વિષ્ણુ-મહેશ કે ઈન્દ્ર, દશ દિગ્પાલ, ગંધર્વ આદિ બધું જ હું છું. હું જન્મા-અજન્મા, જ્ઞાન-વિજ્ઞાન પણ છું. એટલે દેવીના પ્રતીકરૂપે ભારતીય સંસ્કૃતિ અને સંસારમાં સંકળાયેલા નવરાત્રિ ઉત્સવમાં કુમારિકા પૂજન કરવાની પરંપરા છે.

# કૃષ્ણલાલ શ્રીધરાણીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૦

આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી અને ઓમ કમ્યુનિકેશનના સંયુક્ત ઉપક્રમે કવિ, નાટ્યકાર, પત્રકાર કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીના ૧૦૭મા જન્મદિન પ્રસંગે 'પુનરપિ પુનઃ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે શ્રીધરાણીના નાટક 'ઝબકજ્યોત'નું વાચિકમ એલ જે ઈન્સ્ટીટ્યુટ ઑફ મીડિયા ઍન્ડ કમ્યુનિકેશન, અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેનું દિગ્દર્શન ભાર્ગવ ઠક્કરે કર્યું હતું. ૧૫ વિદ્યાર્થીઓએ આ વાચિકમ્‌માં ભાગ લીધો હતો.

શ્રીધરાણીનાં જીવન-કવન વિશે નિસર્ગ આહિરે અને તેમની સાહિત્ય સૃષ્ટિ વિશે કવિ વિનોદ જોષીએ વક્તવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે શ્રીધરાણીનાં પુત્રવધૂ વિનીતા શ્રીધરાણી ખાસ મુંબઈથી ઉપસ્થિત રહ્યાં હતાં. શહેરના સાહિત્યરસિકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.

**નિસર્ગ આહિર**

કૃષ્ણલાલ શ્રીધરાણી ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ સ્થાન ધરાવે છે. કવિતા, નાટક અને પત્રકારત્વ ક્ષેત્રે એમણે ગાંધીયુગની ચેતનાને સમૃદ્ધ કરી છે. ભાવનાશીલ વિષયોની સમાંતરે પ્રકૃતિ પ્રેમ અને ચિંતનનું એક નૂતન રૂપ એમનાં સર્જનમાં જોઈ શકાય છે. વિશેષતઃ લયાન્તિ નૂતન મઠાવલીની કવિતા અને પ્રયોગક્ષમ નૂતન આભાવાળાં નાટકો ગુજરાતી ગિરાનું કાયમી આભૂષણ છે.

**વિનોદ જોષી**

- શ્રીધરાણી એવા કવિ છે જેમનો જોટો ગુજરાતી સાહિત્યમાં મળવો મુશ્કેલ છે.
- શ્રીધરાણીની ચિત્રકળા આપણે બરાબર પ્રમાણી શક્યા નથી.
- બ ક ઠાકોર કહે છે, શ્રીધરાણીની ભાષા અને કલા - ઉમાશંકર અને સુંદરમ કરતાં જુદી અને ચડિયાતી છે.
- નાટકનો અઘરો પ્રકાર શ્રીધરાણીએ સરસ રીતે દર્શાવ્યો છે.
- કમીટેડ કવિતાઓ શ્રીધરાણી લખતાં, જેનો જરાય ભાર આજે પણ લાગતો નથી.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) સશસ્ત્ર સીમા બળ (એસએસબી)ની નવી નવી જાસૂસી સંસ્થાની શરૂઆત કોણે કરાવી છે?
(એ) રાજનાથસિંહ
(બી) નીતિન ગડકરી
(સી) પિયુષ ગોયલ
(ડી) સુષમા સ્વરાજ

(૨) કયા પોર્ટ ટ્રસ્ટને સતત ૧૧મી વાર રાજભાષા કીર્તિ પુરસ્કાર જીતવાની તક મળી છે?
(એ) લાલબહાદુર શાસ્ત્રી પોર્ટ ટ્રસ્
(બી) જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ
(સી) સરદાર પટેલ પોર્ટ ટ્રસ્ટ
(ડી) મહાત્મા ગાંધી પોર્ટ ટ્રસ્ટ

(૩) મિશન મોડ કુપોષણની સમસ્યાના નિવારણ માટે કયા શહેરમાં રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું?
(એ) પુણે (બી) હૈદરાબાદ
(સી) દિલ્હી (ડી) ગાંધીનગર

(૪) તાજેતરમાં કેટલામો એમી એવોર્ડ સમારોહ યોજાયો હતો?
(એ) ૬૯ (બી) ૭૦
(સી) ૭૧ (ડી) ૭૨

(૫) ભારત-અમેરિકા-જાપાન ત્રિપક્ષીય વાર્તા કયા શહેરમાં યોજાઈ રહી છે?
(એ) ટોકિયો (બી) નવી દિલ્હી
(સી) ન્યૂયોર્ક (ડી) વોશિંગ્ટન

(૬) એશિયા માર્શલ આર્ટ રમતોમાં ભારતે કેટલા મેડલ જિત્યા હતા?
(એ) ૧૦ (બી) ૪
(સી) ૧૫ (ડી) ૨૦

(૭) એશિયા માર્શલ આર્ટ રમતોત્સવનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?
(એ) ભારત (બી) કઝાખસ્તાન
(સી) જાપાન (ડી) તુર્કમેનિસ્તાન

(૮) પરિવાર કલ્યાણ સમિતિની રચના કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું બન્યું છે?
(એ) ત્રિપુરા (બી) કેરલ
(સી) ઓડિશા (ડી) આસામ

(૯) કયા રાજ્યની સરકારે જળ રક્ષકોને રૂા. ૨૫૦૦ પ્રતિમાસ આપવાની જાહેરાત કરી છે?
(એ) બિહાર (બી) ગોવા
(સી) હિમાચલ પ્રદેશ (ડી) ઉત્તર પ્રદેશ

(૧૦) સશસ્ત્ર સીમા બળ (એસએસબી)ના નવા વડા તરીકે કોની વરણી કરવામાં આવી છે?
(એ) શશીકાંત મિશ્રા (બી) રજનીકાંત મિશ્રા
(સી) બિન્દેશ્વર પ્રસાદ (ડી) રાજીવ ગુપ્તા